MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

ઘરે ઘરે વોઈસ ઓફ ઘાટકોપર અભિયાનની વિગતો અને સ્પે.ઓફર માટે વાંચો પાના નં.૧૬

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 12 ● અંક : 29 ● સળંગ અંક : 465 ● મુંબઈ ● શુક્રવાર ● તા.16 ઓગસ્ટ – 22 ઓગસ્ટ 2019 ● પાના : 16 ● કિંમત રૂ.4







## આ રહી તમારો સ્માર્ટફોન હાથમાં પકડવાની યોગ્ય રીત

લાંબા સમય સુધી સ્માર્ટફોનનો ઉપયોગ કરવાથી તમારા હાથ, ખાસ કરીને તમારી ટચલી આંગળી ઉપર દબાણ આવે છે. લાંબે ગાળે આ દબાણને લીધે એ આંગળીમાં વિકૃતિ અથવા વળાંક આવી શકે. આજે અમે હાથના સાંધાઓ ઉપર દબાણ ન આવે તેમ સ્માર્ટફોન પકડવાની ટીપ્સ અહી આપીએ છીએ.

ગયા એક દાયકામાં સ્માર્ટફોનનો વપરાશ કરનારાઓની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. એને લીધે વિશ્વભરમાં એક બીજા સાથે સંદેશવ્યવહાર કરવાની પદ્ધતિમાં ધરમૂળથી બદલાવ આવ્યો છે. સોશ્યલ મીડિયા, ઈ-મેઈલ્સ, ટેક્ષ્ટ મેસેઝીસ અને ફોન બેન્કિંગના ઉપયોગને કારણે આજની પેઢી સતત તેમના સ્માર્ટફોન સાથે ચીટકેલી રહે છે.

આના પરિણામે ટચલી આંગળીમાં વિકૃતિ ('પિન્કી ફિંગર') થઈ જવાની ફરિયાદ કરતા સ્માર્ટફોન વપરાશકર્તાઓની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે.

એક જાપાનીઝ ટેલીકોમ પ્રોવાઈડરએ દરરોજ લાંબા સમય સુધી ટચલી આંગળી ઉપર ફોનનું વજન આવે તો શું થઇ શકે તે અંગેની તસ્વીરો ટ્વિટર ઉપર મૂકી હતી.એ સાથે જ આવી વિકૃતિઓની ફરિયાદ કરતી હજારો તસ્વીરો સોશ્યલ મીડિયા પર છવાઈ ગઈ હતી.

ખાસ કરીને મોટી અને પહોળી સ્ક્રીન વાળા ફોનનો મેસેજ કે ઈ-મેઈલ ટાઈપ કરવા માટે નિયમિત ઉપયોગ કરતી વખતે અંગુઠા અને આંગળીઓનો વારંવાર ઉપયોગ થાય છે. ટૂંકા ગાળે એને લીધે આંગળીઓના નાના સાંધાઓમાં 'હાયપર મોબીલીટી' આવી જાય છે, હાથના અંગુઠાઓના લીગામેન્ટસ ઉપર દબાણ(સ્ટ્રેસ) આવે છે.



ડૉ.કૌશલ મલહાન

લાંબે ગાળે આંગળીઓનો વારંવાર વધારે પડતા વપરાશને લીધે તેમના સાંધાઓ વચ્ચેના કાર્ટીલેજ ઘસાઈ જવાને લીધે ઓસ્ટીઓઆર્થરાઇટિસ થવાની શક્યતા રહે છે. જયારે આંગળીઓમાં આર્થરાઇટિસ થાય ત્યારે સાંધાઓની આસપાસ વધારાના હાડકાં બનવાની શક્યતા હોય છે જેને લીધે આંગળીઓ મોટી થવાની કે તેમાં વિકૃતિ આવી શકે છે.

જો કે આ પરિસ્થિતિ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી નથી, છતાં પણ તમારો ખોરાક, કુટુંબમાં હિસ્ટરી અને તમારુ વૈયક્તિક સ્વાસ્થ્ય એ બધા એવા પરિબળો છે જે આ સ્થિતિ પેદા થવામાં ભાગ ભજવે છે. 'સ્માર્ટફોન પિન્કી'થી બચવા માટેની કેટલીક ટીપ્સ આ રહી:

- થોડી થોડી વારે ફોન એક હાથમાંથી બીજા હાથમાં બદલતા રહો
- ટૂંકા મેસેજીસ ટાઈપ કરો. લાંબા મેસેજીસ માટે વોઈસ-ટુ-ટેક્ષ્ટ અથવા ફોન કરવો વધારે સહેલો છે.
- મેસેજ ટાઇપ કરવાને બદલે સ્વાઇપ-ફીચરનો ઉપયોગ કરો.
- તમારા હાથ દુખી આવે તે પહેલાં વિરામ લઇ ફોનને બાજુ પર મૂકી દો.
- ટાઈપીંગ અને ગેમિંગને ટૂંકા ટૂંકા સત્રોમાં વહેંચો.
- તમારી આંગળીઓ, કાંડા અને હાથને થોડી થોડી વારે ખેંચો (સ્ટ્રેચ કરો).
- જો તમારા હાથમાં દુખાવો થતો હોય તો સોજા અને ઇન્ફલેમેશન ઓછું કરવા ઓવર-ધ-કાઉન્ટર મળતી દર્દ શામક દવા લો.
- ફોનને બે હાથે પકડવા કરતા ટેબલ અથવા કાઉન્ટર પર મુકીને ટાઈપ કરો.

આંગળીઓના સ્વાસ્થ્ય માટે મોટા ફોન બહેતર છે કારણ કે તેમાં આંગળીઓને ફેલાવા વધુ જગ્યા મળે છે પરંતુ તેમાં મુશ્કેલી એ છે કે તમારા હાથ ઉપર વધારે વજન આવે છે જેને લીધે 'સ્માર્ટફોન પિન્કી' થઈ શકે છે. સમજદાર બનો અને તમારા હાથના સાંધા અને સ્નાયુઓ ઉપર ઓછામાં ઓછું દબાણ(સ્ટ્રેસ) આવે એ રીતે સમજદારીપૂર્વક ફોનનો ઉપયોગ કરો. એક પરફેક્ટ સેલ્ફી હોય કે એક ઈ-મેઈલનો રિસ્પોન્સ, તમારા ફોનને યોગ્ય રીતે પકડો અને 'સ્માર્ટફોન પિન્કી'થી બચો.

(લેખક ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડના સિનીયર જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન છે.)


Organisation Accredited by Joint Commission International Mumbai and Banglore

NABH ACCREDITED

Mulund-Goregaon Link Road, Mulund (W), Mumbai - 400 078.

Tel.: 022 4365 4365

Fortis

ઈમરજન્સી ડિપાર્ટમેન્ટ 24x7 ઉપલબ્ધ સંપર્ક : 4111 4111

ઘાટકોપર જૈન જગત

परस्परोग्रहो जीवानाम्

# વોઈસ ઓફ ઘાટકોપરની વિશેષ કોલમ 'જૈન જગત'

## ઘાટકોપરના જૈન સંઘોને આમંત્રણ

ઘાટકોપર જૈન જગત કોલમમાં સમાચારો પ્રકાશિત કરવા માટે કોલમ સંકલનકાર મયુર લોડાયા - ૯૩૨૨૩૧૧૧૪૬ તથા પ્રવર કોટીચા - ૯૨૨૩૪૩૪૪૬૦ નંબર પર સંપર્ક કરવો અથવા વોઈસ ઓફ ઘાટકોપરના કાર્યાલય એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર(ઈ) ખાતે મોકલી શકાશે.

## ઘાટકોપર (વે.) સંઘાણી સ્થા.જૈન સંઘમાં માઈન્ડ મેનેજમેન્ટ શિબિર તથા શાસનધ્વજ વંદનાનો ભવ્ય કાર્યક્રમ

ઘાટકોપર(વે.) સંઘાણી સ્થા. જૈન સંઘમાં બોટાદ સંપ્રદાયના પૂ. નવિનચંદ્રજી મ.સા. ના સુશિષ્ય શાસન પ્રભાવક પૂ. જયેશચંદ્રજી મ.સા. તથા પૂ. સૂપાર્શ્વચંદ્રજી મ.સા. આદિ ઠા.ના સાનિધ્યે તપસ્વીની જ્યાતિબેન બટુકભાઈ શાહ (રાણપુરવાળા)ની માસખમણની અનુમોદનાર્થે વિવિધ ઉપક્રમ યોજાયેલ.


બકરી ઈદના દિવસે ૧૫૦થી વધુ આરાધકોએ આયંબિલતપ આરાધના કરી તથા પૂર્ણદિન નમો 'જિણાણં, જિય ભયાણં' ના અખંડ જાપનું આયોજન થયેલ. ગત રવિવારે સંઘમાં માનવીને પ્રસન્નતાનો રાજમાર્ગ બતાવતી 'અપના ટાઈમ આયેગા' વિષય પર શિબીરમાં માઈન્ડ મેનેજમેન્ટ શિબિરમાં પૂ. ગુરૂદેવોએ સુંદર ભાવો ફરમાવેલ.

તા.૧૫-૮-૨૦૧૯ ના સ્વની રક્ષા, સર્વની સુરક્ષા, વિષય પર રક્ષાબંધન જાહેર પ્રવચન બાદ આતમ ઝંખે છૂટકારો શાસન ધ્વજવંદનાનો ભવ્ય કાર્યક્રમ તથા મેરા શાસન મહાન પ્રશ્નમંચ તથા તા.૧૮-૮-૨૦૧૯ના રવિવારે સંઘમાં 'મહાપ્રભાવક પાંસઠિયા યંત્રના જાપ અનુષ્ઠાન' તા.૧૯-૮-૨૦૧૯ના સોમવારે બૃહદ ઘાટકોપર સ્તરે 'દ્વિતીય સામૂહિક સ્પર્ધાત્મક પ્રશ્નમંચ'નું આયોજન થશે.

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધીપક્ષ) જૈન સંઘ દ્વારા,ગચ્છ અધિષ્ઠાયીકા દેવી મહાકાળી માતાની ભક્તિ આરાધના







મુંબઈ નગરીમાં કલ્પ સ્વરૂપે જાગૃત, હાજરા હજુર એક માત્ર સ્થાન,શ્રી અનંતનાથ જિનાલયે... પૂ. મહાકાળી માતાની ભક્તિ - આરાધનાનું આયોજન રવિ, તા.૧૧-૦૮-૨૦૧૯ના સવારે ૯.૦૦ થી બપોરના ૧.૦૦ દરમ્યાન કરાયેલ. સંગીતમય ભક્તિ - આરાધનામાં અને સાધર્મિક ભક્તિનો લાભ ઉપસ્થિતોએ લીધો હતો.

એમ સંસ્થાના વિનોદ કે.ગંગર, પ્રવિણ ટી.લોડાયા, રતનલાલજી વડેરા, દિપક શાહ શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘવતી અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## શ્રી અસલ્ફા અચલગચ્છ જૈન સંઘમાં ધજા મહોત્સવ

અસલ્ફાના રાજા શ્રી વાસુપુજ્યસ્વામીની ૧૯મી ધજારોહણની શુભ ઘડી શ્રાવણ વદ ૨ શનિવારે તા. ૧૭/૦૮/૨૦૧૯ ના શુભ દિવસે આવી રહી છે. તે દિવસે સત્તરભેદી પૂજા સહ અઢાર અભિષેક નું આયોજન કરવામાં આવ્યું છે. પૂજા સવારના ૯:૦૦ વાગ્યે થી ભણાવવામા આવશે.

એક ગાથા નો નકરો રૂા.૧૦૦૦ નક્કી કરવામાં આવ્યો છે. કુલ ૩૫ (૧૭+૧૮)નામ લેવામાં આવશે.નામ વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે. સકળ સંઘવાસીઓને આમાં લાભ લેવા વિનંતી.

આ ધજા પ્રસંગે અચલગચ્છાધિપતિ જિનશાસન શિરોમણી પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરી મ.સા ના આજ્ઞાવર્તીની પ.પૂ.સા. અરૂણપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્ય પ.પૂ.સા. નંદિવર્ધનાશ્રીજી મ.સા પધારીને નિશ્રા આપી શોભામાં અભિવૃદ્ધિ કરશે.

વિધિકાર શ્રી કેશવજીભાઇ ધારશી ગડા અને તેમની પાર્ટી પૂજા ભણાવવા પધારશે. સૂર્ય દર્શન, ચંદ્ર દર્શન, મહા આરતી, શાંતી કળશ વગેરે ચડાવા ધજાના દિવસે લેવામાં આવશે.

જેમણે પણ ગાથા માટે નામ આપવા હોય તેઓ પોતાના નામ પૂજારીભાઈ, કિશોરભાઈ દેઢિયા અથવા અરવિંદભાઈ વોરા પાસે વહેલી તકે લખાવા વિનંતી. સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે. લાભ લેવા વિનંતી. નોંધ- ધજાનો ચઢાવવો ધજાના દિવસે જ સવારના ૧૦:૦૦ વાગે લેવામાં આવશે તથા ધજા ૧૨:૩૯ ના શુભ મુહૂર્તે લહેરાવવામાં આવશે.

તો આપ સૌ અસલ્ફા સંઘવાસીઓ બહોળી સંખ્યામાં પધારી ને દાદા ના ધજાપ્રસંગ મહોત્સવ ને યાદગાર બનાવશોજી.

- અખબારી યાદી

### ચંદ્રેશ પારેખની કલમે....



### જીવનના અનુભવ

જીવન આખું આ પ્રતિસાદ કે વળતો જવાબ ઉપર નભેલું છે....કેમકે જેવી ક્રિયા એવી જ સામે પ્રતિક્રિયા..આ આપણા જીવનનો નિયમ ગણો કે ગુણધર્મ....આપણે આપણી રોજીંદી ઘટનાઓ પર ધ્યાન આપીશું તો આપણે આપેલા પ્રતિસાદથી થતી ભૂલો નો અહેસાસ થતો હોય છે અને પછી આ પ્રતિસાદ થી સાચો હૃદયનો ભાવ આવે તો તે નથી સંભાળતા પણ ઉપરછલ્લો જ સંભારીને સામે પ્રતિસાદ આપતા હોઈએ છીએ....

દરેક જીવ ને એક આશા કે અપેક્ષા હોય છે કે હું ગમે તેમ વાણી કે વર્તન કે વહેવાર કરું સામે થી જે જવાબ આવે તે મારી મરજી મુજબનો જ હોય અને હું કહું તેમ જ થાય આ માણસના સ્વાભાવિક લક્ષણ છે પણ આપણે ગમે તેવા સંજોગો કે પરિસ્થિતી કેમ ના હોય આપણા વહેવાર કે કર્મ કે કોઇપણ કાર્યમાં જેમાં સામેવાળા ને સાચા ભાવપૂર્વક અને તેની લાગણી કે સ્વમાનને ઠેસ ના પહોચે તેવો પ્રતિસાદ આપીએ તો સો પ્રથમ આપણે એક સંતોષ ની કે શાંતિની અનુભૂતિ કરીએ છીએ કેમકે જેવી ક્રિયા થઈ તેવી જ સામે પ્રતિક્રિયા આપવાનો સામેથી જ ભાવ જન્મ લેશે અને આપણા જોડે તે તેવા જ કર્મ કે વહેવાર કે કાર્ય નો જવાબ આપશે અને આખો વહેવાર શાંતિપૂર્વક થશે...

ક્રોધ કે ગુસ્સો જે અગ્નિ તત્વ છે તે જયારે જયારે આવે ત્યારે પોતે તો તે બળતરા અનુભવે પણ સામે જગતમાં પણ તે આ અગ્નિ બહાર કાઢે અને પછી પ્રતિસાદ કે વળતો જવાબ હું(અહંકાર) ને અનુસારના આવે તો બેચેન થઈને શારીરક કે માનસીક યાતના ભોગવે અને સામે વાળા ને ભોગવવા પણ મજબુર કરે...આ આખી ઘટના ઘણીવાર ક્ષણીક જ હોય પણ એક સમયે એવું લાગે કે આ તો જન્મોજન્મ નો વેરી કે દુશ્મન છે...પણ જે અંદર પ્રતિસાદ કે વળતો જવાબ આપતા શાંતિ અને ધીરજતા રાખીએ તો આ ક્ષણીક ઉદભવેલા દવાગનીથી બચી શકાય છે.

કોઇપણ સાચો કે ખોટો પ્રતિસાદ કે વળતો જવાબ આપો કે ના આપો તમારું મહત્વ કુદરત કે ભગવાન ક્યારેય ઓછુ નથી કરતો તો પછી આપણે આ જાણતા હોવા છતા બીજાને હાની પહોચાડી એ છીએ અને અપેક્ષા રાખીએ છીએ કે એ મારા અહંકાર એટલે કે હું ને પોસે અને પમ્પાળે અને મને કહેવતો આત્મ સંતોષ આપે..આ નકલી ક્યારેય વધુ ટકતું નથી..એ સમય આવે છતું થાય છે અને આપણો આ નકલી ભાવ દેખાઈ આવે છે....

ગુરુ કે ભગવાન કે કુદરત નું તત્વ કયારેય નકારાત્મક વલણ નહિ કરે,કેમકે તે પ્રેમ જ આપવા અવતરીયુ છે અને બસ પ્રેમ જ જગતને આપશે એ કયારેય વાદવિવાદમાં કે નિંદામાં નહિ પડે અને આપણા સાચા ખોટા પ્રશ્નો ના જવાબ આપણા પૂછેલા સવાલમાંથી જ આપશે અને પ્રતિસાદ કે વળતો જવાબમાંથી એક આત્મસંતોષ મળશે કેમકે ક્રિયા જે ઉદ્ભવવી તે આનદ કે મોજ ની છે અને નિયમ છે કે આનદ નો કોઈ ગુજરાતીમાં કે અન્ય ભાષામાં વિરોધી શબ્દ જ નથી ....

**પ્રતિસાદ કે વળતો જવાબ આપતા પહેલા સામેવાળામાં બસ પ્રેમપૂર્વક જોઈએ તો ક્યારેય હૃદયમાંથી ખોટું નીકળતું જ નથી અને ભગવાન કે તત્વ આપણને સાચા રસ્તે લઈ જાય છે......**


જય શ્રી સ્વામિનારાયણ જય શ્રી કૃષ્ણ


Project by
RAJSHREE™
WE
PROMISED
WE DELIVERD
OCCUPATION
CERTIFICATE
RECEIVED
OC
RECEIVIED
RAJSHREE
ORCHID
2BHK APARTMENT
GHATKOPAR (EAST)
Stilt + 16 Storey tower
Designer Entrance
lobby & Passage
2High speed Elevators
MAHARERA- P51800001097
www. maharera.mahaonline.gov.in
+91 97692 18152 /53
info@rajshreebuilders.com
Disclaimer: This is not an offer, invitation to offer, and/or commitment of any nature and the content hereof is not and should not be constructed as an offer/invitation to offer/contract or any intention thereof and/or any disclosure under any statute of any nature whatsoever. All plans, designs, Images, renders, specification, dimensions, facilities and other details herein are artistic impressions and stock image s and purely for illustrative and representational purpose and indicative in nature and the intended recipient should note that these are to be treated as purely provisional and informative and as such only tentative subject to approval from respective authorities. No warranty is expressly or impliedly given that the completed development will comply in any degree with such artist's impression as depicted. The photographs contained herein are stock/standard photography and may have been taken at a location other that the project site and are used to indicate a conceptual lifestyles. The actual images/ views have been enhanced/touched up/airbrushed for visual, illustrative and creative purposes. All specifications of the flat/ project shall be as per the final agreement between the parties. Recipients are advised to use their discretion in relying on the information/ amenities described/ described/ shown herein. The visitor/recipient is aware that the furniture, fittings and fixtures displayed in the sample/show flat/ show residence at the sales pavilion/ brouchers are only for the purpose of showcasing the flats and we shall not be liable, required and/or obliged to provide any further, fittings as displayed in the sample/show flat/show residence at the sales pavilion/ brouchers. The color shades of wall, tiles etc... are for representational purpose and will vary in planning and designing and upon actual construction. The render for internal spaces is only to serve as an example of the suggested space management and possible utilization of space. Any party desirous/interested in the project need to enter into agreement for sale and the development/transaction shall be governed by the terms and conditions of the agreement for sales. Project financed by Reliance Home Finance Ltd, Terms & Conditions apply.
*Government taxes as applicable.




## પેઈન્ટ ઘાટકોપર પ્રોજેક્ટને ઘાટકોપરના વિવિધ આગેવાનો અને મહાનુભાવોનો ટેકો

| | |
|---|---|
| વિધાનસભ્ય પ્રકાશભાઈ મહેતા | રૂા.૧ લાખ |
| જીતેન્દ્ર મહેતા | રૂા.૧ લાખ |
| એક શુભેચ્છક | રૂા.૧ લાખ |
| પ્રવિણ તન્ના | રૂા.૫૦,૦૦૦ |
| શ્રી શાંતિ-સુધા પાર્ક જૈન સંઘ | રૂા.૨૧,૦૦૦ |
| જેજેસી નોર્થ ઈસ્ટ | રૂા.૧૧,૦૦૦ |
| જેજેસી નોર્થ વેસ્ટ | રૂા.૧૧,૦૦૦ |
| જેજેસી જેમ જગડુશા | રૂા.૧૧,૦૦૦ |
| જેજેસી રોયલ જગડુશા | રૂા.૧૧,૦૦૦ |
| જેજેસી રજવાડી | રૂા.૧૧,૦૦૦ |
| જેજેસી અમૃતનગર | રૂા.૧૧,૦૦૦ |
| જેજેસી લેડીસ વિંગ મુંબઈ ઈસ્ટ | રૂા.૧૧,૦૦૦ |
| જ્વેલ ગ્રુપ ઓફ ઘાટકોપર | રૂા.૧૧,૦૦૦ |
| ગ્રુપ સોલીટિર | રૂા.૧૧,૦૦૦ |
| જ્વેલ ગેલેક્ષી | રૂા.૧૧,૦૦૦ |
| મિતેષ પલણ (શ્રીરથ કેટરર્સ) | રૂા.૧૧,૦૦૦ |
| નિશાંત કારીયા (જય કેટરર્સ) | રૂા.૧૧,૦૦૦ |
| અતુલ દોશી | રૂા.૫૦૦૦ |





આવો સાથે મળીને વોલ પેઈન્ટીંગ દ્વારા ગિનીસ બુક અને લિમકા બુકમાં સ્થાન મેળવી અનોખો રેકોર્ડ રચવાનો પ્રયાસ કરીએ...!!

**ઘાટકોપરના દરેક નાગરિકને આ મહત્વના પ્રોજેક્ટમાં જોડાવવા આમંત્રણ છે વધુ માહિતી માટે સંપર્ક : 9022279684**

# સંપૂર્ણ ઘાટકોપરને પેઈન્ટ ઘાટકોપર પ્રોજેક્ટ સાથે જોડવાનો નાગરિકોએ કર્યો નિર્ધાર

વોઈસ ઓફ ઘાટકોપર પ્રેરિત આઈ એમ ન્યુ ઘાટકોપરના અત્યંત મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પેઈન્ટ ઘાટકોપરની મહત્વની મિટીંગનું શુક્રવાર તા.૯ ઓગસ્ટના રાત્રે ૯ કલાકે ક્લોવર રીઝન્સી ક્લબહાઉસ, રામજી આસર લેન, ઘાટકોપર(ઈસ્ટ) ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘાટકોપરના નગરસેવિકા બિંદુબેન ત્રિવેદી, જીતુભાઈ મહેતા, પ્રવિણભાઈ તન્ના, ભદ્રેશ કતીરા, રચીત ત્રિવેદી, ડૉ.દિપ્તી ગાંધી, ડૉ.ઋષિકેશ નાઈક, કેતુલ ઝાટકીયા, ડૉ.તુષાર દેસાઈ, નિખીલ શાહ, હરેશ અવલાણી, પ્રકાશભાઈ દાવડા તથા સ્થાનિક નાગરિકોએ ઉપસ્થિત રહી પ્રોજેક્ટ વિશે વિગતો મેળવી હતી અને આગામી સમયમાં સંપૂર્ણ ઘાટકોપરની સોસાયટીઓ, શાળાઓ, કોલેજોને એકત્રિત કરી વધુને વધુ લોકો પેઈન્ટ ઘાટકોપર માટે બનતા તમામ યોગદાનો આપે અને જોડાય તે માટે નિર્ધાર કર્યો હતો. નગરસેવિકા બિંદુ ત્રિવેદીએ નાગરિકોને આ પ્રોજેક્ટમાં બનતો સહયોગ કરવા અપીલ કરી હતી અને ઉપસ્થિત નાગરિકોએ પણ વિવિધ સૂચનો આપ્યા હતા.

ઓ-સેવેન્ટી વન આઈસ્ક્રીમના ઋષી નંદાનો આઈસ્ક્રીમ સ્પોન્સર કરવા માટે, ક્લોવર રીઝન્સી કમિટીનો ક્લબ હાઉસ માટે વિશેષ આભાર માનવામાં આવ્યો હતો.





















SWITZERLAND AND FRANCE
Early- Bird -₹169,999 per person
15 DAYS..November 2019 to March 2020
europe@thakurjisdestinations.com
07 Nights Luxury Greece - Oct 2019
₹ 99,999 per person
greece@thakurjisdestinations.com
Amsterdam Austria Prague Budapest
15 nights / 16 days
April May June 2020 - Early Bird
₹ 199,999 per person - 4 star
europe@thakurjisdestinations.com
Xmas & New Year in Copenhagen?
Customize your way..
europe@thakurjisdestinations.com
11 Days
Super Luxury Turkey
₹219,999 Per Person
OCT- NOV 2019
turkey@thakurjisdestinations.com
Thakurjis Destinations
Europe - U.K. - Turkey - Australia - New Zealand
Customer Care - 07666-700-800
Switzerland
Paris London
2019 / 2020
12 Nights / 13 Days
₹ 199,999 per person
europe@thakurjisdestinations.com
ITALY 13 DAYS EARLY BIRD March 2020
₹ 99,999 per person
europe@thakurjisdestinations.com
Budapest - Prague - Austria - Slovakia
16 nights / 17 days
November 2019 to March 2020
₹ 149,999 per person
europe@thakurjisdestinations.com
Greece & Turkey April 2020
14 Nights - 4 Star ₹ 169,999 per person
Sales@thakurjisdestinations.com
Book Before
31st August 2019

# અડધી રાત્રે આઝાદીની આઈ એમ ન્યુ ઘાટકોપર દ્વારા ૧૪ ઓગસ્ટ રાત્રે ૧૨ કલાકે ધ્વજવંદન કરી સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી

## પેઈન્ટ ઘાટકોપરના લોગોનું મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકાર્પણ, જેઠાલાલ મોરબીયા ચોક સેબલ કલરથી રંગાયો











ભારતને ૧૪ અને ૧૫ ઓગસ્ટની અડધી રાત્રે આઝાદી મળી હતી. આ બાબતને ધ્યાનમાં લઈ વોઈસ ઓફ ઘાટકોપર પ્રેરિત આઈ એમ ન્યુ ઘાટકોપર દ્વારા ઘાટકોપરમાં એક નવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જાણીતા નાટક લેખક પ્રવિણભાઈ સોલંકીના હસ્તે ઘાટકોપર(ઈસ્ટ) માં કુકરેજા ટાવર નજીક આવેલ જેઠાલાલ મોરબીયા ચોકમાં ૧૪ ઓગસ્ટની રાત્રે ૧૨ કલાકે સ્થાનિક વિધાનસભ્ય પ્રકાશ મહેતા, સ્થાનિક નગરસેવક પરાગ શાહ, જીતુભાઈ મહેતા, અભિષેક મહેતા, ભરત દનાણી, દાંડિયા કીંગ નૈતિક નાગડા, ડૉ.ઋષિકેશ નાઈક, ભદ્રેશ કતીરા, મયુર લોડાયા, જેઠાભાઈ દેઢિયા, નિખીલભાઈ શાહ, જય દેસાઈ, અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં અડધી રાત્રે મળેલ આઝાદીની ધ્વજવંદન કરી ઉજવણી કરવીમાં આવી હતી.



જેઠાલાલ મોરબીયા ચોકની તમામ દિવાલોને આગામી સમયમાં ઘાટકોપરમાં જે પેઈન્ટ ઘાટકોપર અંતર્ગત કલર દિવાલોને લાગવાનો છે તે રંગ સેબલ કલર દ્વારા રંગવામાં આવેલ અને અત્યંત મહત્વાકાંક્ષી પેઈન્ટ ઘાટકોપરને પ્રોજેક્ટનો લોગો મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોન્ચ કરવામાં આવ્યો હતો. ઓ-સેવેન્ટી વન આઈસ્ક્રીમના ઋષી નંદાનો આઈસ્ક્રીમ સ્પોન્સર કરવા માટે તથા નંદા દિપ સોસાયટીનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. (ફોટો સૌજન્ય-સંજય પટવા)











# વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684

/vognewslive

www.vognewslive.com

જાહેરખબરના દર

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

-: ઓફિસ :-

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ). સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪

voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

- સંચાલક

## આરોગ્ય

All domestic work servant available. All ayurveda punchakarma treatment : Smitha House Servant Agency : UG 310. Dreamsmall,Bhandup W **Contact : 2166 0419, 98467 46902.** (396)507

## મનોરંજન

**Jalsa Event**

Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

## ધંધાદારી

**ફ્રીજ, વોશીંગ મશીન, માઈક્રોવેવ**

દરેક પ્રકારના વોશીંગ મશીન, રેફ્રીજરેટર, માઈક્રોવેવ ઓવન, રીપેરીંગ માટે. **સચીન શાહ** (બિડડા) **- 9869126381, 9320982123.** વિઝિટીંગ ચાર્જ-૨૦૦/- (282)486

For Society / Company Accounts, Income Tax Return Filing, TDS Returns, GST Returns. Vinod Joshi : **98205 93177.** (233)483

**Join Business to Business Group**

Business Opportunity Leads and Deals Learn Earn and Return. **Call - 98197 25307.**(261)484

**ફોટોગ્રાફી**

સગાઈ, પ્રી-વેડીંગ, મહેંદી રસમ, લગ્નોત્સવ, સંગીતસંધ્યા, મેટરનીટી શૂટ, શ્રીમંત, જન્મદિવસ, ધાર્મિક-પ્રસંગે બેસ્ટ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી. **ધવલ શાહ- 76665 57222, 97735 86864.** (254)483

**Teerth World**

Start your business digital journey by making own website at 7000. **9820476007. teerthworld.com**(267)484

**રસોઈ માટે દિલીપ મહારાજ**

ઘાટકોપરમાં ટિફીન સર્વિસ, ફ્રી હોમ ડિલેવરી, સાબુદાણા ખીચડી, ફરાળી કચોરી, ગણપતિ સ્પે.ચુરમા લાડુ, ગુલાબજાંબુ, બધા પ્રકારના રસોઈ તથા નાસ્તાના ઓર્ડર લેવામાં આવશે. **9820907181, 98216 51695, 93241 95418.**

Personal, Business, Accounting, Income Tax, GST, Financial Planing. **92228 44843.** (258)487

વોઈસ ઓફ ઘાટકોપર ફોન : 40229684 9022279684

## ધંધાદારી

GST & ACCOUNTING

જીએસટી રીટર્ન ફાઈલીંગ ૫૦૦/-, ઉદ્યોગ આધાર, પાસપોર્ટ ૫૦૦/-, જીએસટી રજીસ્ટ્રેશન@૧૦૦૦/-. સંપર્ક : **9029710899** (228)479

**Mediclaim**

Full Cover + Bonus 100%. Family Floater Mediclaim 1 to 75 and 3 Lacs to 25 Lacs no Medical. Senior Citizen Mediclaim Policy 3 Lacs to 10 Lacs at Same Premium without Medical Exam. **Dilipbhai - 9136621227.** (B)490

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**

જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (278) 485

## મહિલા માટે

**૫૦૦ ઘેર કરાવો**

કલર્સ, આયનીંગ, હેરસ્ટાઈલ, મેકઅપ, હેરસ્પા, હેરકલર, વેક્સ, ફેશીયલ, બ્લીચ, મહેંદી. કાન કાણા પૂરાવો. **Cont.: 9867094908, 8169458427** (424)497

**Monika Beauty Care**
Home Service Available
Facial - 300, Bleach - 60, Eyebrow-50, Manicure-300, Pedicure-300, Head Massage-300, Hair Spa-700, Hair Cut-400, Hari Colour-1000, Hair Straightening-800, Wax-600, Mehndi (Traditional) -1000.
**Call - 96198 44745**

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree,** Matunga, King Circle **Ph.: 2404 3995.** (284)486

## રીઅલ એસ્ટેટ

**જયેશ કાંતિલાલ મહેતા**

એસ્ટેટ એજન્ટ, સેલ્સ, પરચેસ, લીડ. **જયેશભાઈ - 022-21024389, 98701 30730.** Email - jayeshmehta8686@gmail.com (323)491

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**
ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે
**ચિંતન દેસાઈ**
**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**
**9321234567**

**Tilak Nagar**

1-2-3 BHK Available on Rent. **Call : Panditpotra Kumar : 98203 45511, 99203 45511.** (298)487

**Nikhil Consultancy**

For Sale - Purchase - Rental of Flat & Shop in Ghatkopar. **Contact:9820367536, 77384 29491.** (243) 485

**વિદ્યાવિહાર(વેસ્ટ)**

નીલકંઠ બિજનેઝ પાર્કમાં ઓફિસ ભાડેથી આપવાની છે. **Yogesh Shah - 9820023817.** (281)485

**ઘાટકોપર-તિલકનગર**

નાના મોટા ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન/ બંગલો ભાડેથી / વેચાણથી, લેવા/ આપવા. **મુકેશભાઈ : 98202 61711.** (270)484

**EXPORT BENEFITS**
- FRESH IEC
- IEC MODIFICATION
- EPCG REDEMPTION
- ADVANCE LICENCE REDEMPTION
- DRAWBACK REFUND

MEIS LICENCE
(APPLICATION PREPARATION + VERIFICATION)
**9820936980**

## રીઅલ એસ્ટેટ

**કૌશલ કાંતિલાલ મહેતા**

ઘાટકોપર(ઈસ્ટ) પંતનગર- 3+1 રેડી પઝેશન નવા બંધાતા. **Mob.: 2501 0589, 93238 71933.** (322)491

**શ્રી હરી પ્રોપર્ટીઝ**

ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં ફ્લેટ ઓફિસ દુકાન, ગોડાઉન લેવા-વેચવા ભાડેથી. **હેમંતભાઈ ઠક્કર (ભચાઉવાળા) : 98214 63077, 97684 71831.** (344)492

**શૈલેષ વોરા**
**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**

ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (270) 484

**Office - Shops**

1/2/3 BHK Flats Rent / Sale / Purchase Ghatkopar East - West. **Call : Bipin Katira - 98213 83343, 98192 40602.** (314)492

## શૈક્ષણિક

**Trained 100+ Women for E.C.C.Ed Teacher Training**

Join the E.C.C.Ed MOST EFFECTIVE, Certificate 3 months course.Teach topics like curriculum planning, rhymes, phonetics, projects etc in the field of pre-school teaching. **Contact : 98338 74424,73041 95472.** (427)509

## રીઅલ એસ્ટેટ

**A Bombay Realtors**

Available Office Nariman Point to Andheri, Ghatkopar Area 500 to 50,000 Sq.ft. **Cont.: Santosh Bhoite - 98206 10810.** (265) 485

## ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**ચૌવિહાર વ્યવસ્થા સાથે ટુર**

એર ટિકિટ સાથે / સીવાય સંપૂર્ણ ભારતમાં આયોજન. **સંપર્કઃ ગુરૂકૃપા : 95942 86900.** (268)483

**ફક્ત જૈન મેનું ટુર**

શીખરજી - લેહ - કાશ્મીર - હીમાચલ - નૈનિતાલ - સીક્કીમ - કેરાલા - કુર્ગ - સાઉથ - ગુરૂકૃપા. **Contact : 93244 08369.** (268)483

**મરણનોંધ માટે**
સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫, ૯૦૨૨૨૭૯૬૮૪


**વોઈસ ઓફ ઘાટકોપરમાં સ્પેશીયલ ફીચર માટે સંપર્ક - સીંજલ કોઠારી 8655185667**

**1BHK ON RENT AT PRIME LOCATION**
LBS & Mulund Goregaon Link Road Junction
- Near DMart
- Near Upcoming Metro Station
- Well Maintained and Clean Society
- Pipeline Gas
- Solar Power Panels in Society
- CC-OC- Conveyance Society
- Ready-To-Move • Lift Power Backup
- Children Play Area & Garden

**Mob.: 9322863755**

**ઘરે બનાવેલુ પ્યોર અથાણુ**
ખાટી કેરી - ગુંદા, ગોળ કેરી, છુંદો રેડી તૈયાર કરીને મળશે
ચોખ્ખુ શુદ્ધ અથાણું, પ્યોર અને સીંગતેલમાં બનાવીને મળશે.
સંપર્ક : જીતેન્દ્ર કોઠારી - 9322863755

# શ્રી અજાહરા પાર્શ્વનાથ જૈન સંઘમાં ચાતુર્માસ દરમ્યાન તપનો અનોખો ઉત્સવ : દશભવ તપમાં તથા સામુહિક આયંબિલમાં અનેક તપસ્વીઓ જોડાયા



શ્રી આજાહરા પાર્શ્વનાથ જૈન સંઘ, જીવદયા લેન, ઘાટકોપર(વેસ્ટ) ખાતે પ.પૂ.સાધ્વીજી ભગવંત જયરત્નાશ્રીજીમહારાજની નિશ્રામાં શ્રી પાર્શ્વનાથ દશભવ તપની તપસ્યા શ્રી સંઘમાં થઈ હતી. ખૂબ જ ઉલ્હાસપૂર્વક ભાવિકો તપમાં જોડાયેલ અને તપની પૂર્ણાહુતી ખૂબ શાતાપૂર્વક થઈ હતી આ ઉપરાંત દસ ભવ તપમાં બે સાધ્વીજી મ.સા. ઓએ પણ તપસ્યા કરી હતી.



આયંબિલ તપ સહિત વિવિધ પ્રવૃત્તિઓ અને અનુષ્ઠાનોમાં, સંઘમાં ધર્મપ્રભાવ અને ભક્તિભાવ જોવા મળી રહ્યો છે.

વિશેષ ઉલ્લેખનીય છે કે સંઘના પ્રમુખ મનિષભાઈ, કમિટી મેમ્બર અજયભાઈ પણ આ તપમાં જોડાયેલ જ્યારે સહયોગીઓ, અનુમોદકોએ સંઘને ભક્તિ, ઉત્સાહમાં અનોખો સાથ આપેલ જે સંઘના અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમવાર જોવા મળ્યું છે. આગામી પર્યુષણના સમય દરમ્યાન પણ આવોજ અનેરો તપ મહોત્સવ જોવા મળશે એવી સૌને આશા છે. પાર્શ્વનાથ દસ ભવ તપની અભૂતપૂર્વ તપશ્ચર્યા નિમિતે પાંચ અભિષેક યોજાયેલ

















## શ્રી પાર્શ્વનાથ દસ ભવ તપના તપસ્વીઓની નામાવલી

મનીષભાઈ દિનેશભાઈ વોરા (સંઘ પ્રમુખ), અજયભાઈ વિનયભાઈ સંઘવી (કમીટી મેમ્બર), વિજયભાઈ સુમતીલાલ શાહ, દામજીભાઈ ચાંપસીભાઈ ગાલા, પ્રજ્ઞાબેન વિજયભાઈ શાહ, જયશ્રીબેન વિપુલભાઈ શાહ, ગુલાબબેન ફાફડીયા, દક્ષાબેન ફાફડીયા, પન્નાબેન બાબરીયા, પ્રેમીલાબેન ચરલા, રીટાબેન ભાયાણી, નયનાબેન શાહ, દર્શનાબેન સંઘવી, આશાબેન વોરા, સોનલબેન શાહ, જાગૃતીબેન શાહ, રતનબેન છેડા, હેતલબેન છેડા, જીજ્ઞાબેન સત્રા, કેસરબેન શાહ, દમયંતીબેન સત્રા, ભારતીબેન સાવલા, પુર્ણીમાબેન ઘેલાણી, લક્ષ્મીબેન છેડા, છાયાબેન અશોકભાઈ ગાલા, ભાવનાબેન કેતનભાઈ વોરા, જ્યોતીબેન હિતેશભાઈ મહેતા, અમીતાબેન દિપકભાઈ શાહ, અલ્પાબેન કેતનભાઈ સાવલા, ચંદ્રીકાબેન હસમુખભાઈ સત્રા, ગુણવંતીબેન દામજીભાઈ ગાલા, ઉષાબેન તાતેડ, જયશ્રીબેન કમલેશભાઈ વોરા, હીત હસમુખભાઈ સત્રા, કસ્તુરબેન ચંપકભાઈ દેઢીયા, અરૂણાબેન પ્રફુલભાઈ વિશરીયા, જીજ્ઞાબેન સલોત, અમીતભાઈ ભરતભાઈ શાહ, તારાબેન કારીયા, ઝવેરબેન રાયચંદભાઈ સપ્રા, ડિમ્પલબેન દર્શનભાઈ શાહ, દક્ષાબેન ગુણવંતભાઈ શાહ, કિંજલ કમલેશભાઈ શાહ, વર્ષાબેન કેતનભાઈ શાહ, પુષ્પાબેન પ્રેમજીભાઈ શાહ, જાગૃતિબેન રાજેન્દ્રભાઈ કપાસી, દક્ષણાબેન કમલેશભાઈ મહેતા, રસીલાબેન રમણીકલાલ શાહ, નીતાબેન મનીષભાઈ વોરા, દિપાલી સંઘવી, નીતાબેન નિમેષભાઈ શાહ, ભાવનાબેન ચંદ્રકાંત મહેતા, ભાગ્યવતીબેન જેઠાલાલ જૈન, મંજુલાબેન સત્રા, મુમુક્ષુ પુજાબેન.







**સહયોગી :** માતુશ્રી લીલાવંતીબેન જયંતિલાલ વોરા, માતુશ્રી ધનરેખાબેન દિનેશભાઈ વોરા, દક્ષાબેન ગુણવંતરાય શાહ, ભુપતરાય વિનયચંદ વોરા પરિવાર, રામકુંવરબેન જમનાદાસ ફાફડીયા, સોનલબેન ભરતભાઈ શાહ, વર્ષાબેન કેતનભાઈ શાહ, ભાવનાબેન ચંદ્રકાંત મહેતા, માતુશ્રી ગજરાબેન કપુરચંદ વોરા, ભારતીબેન અનિલભાઈ પરીખ પરિવાર અંધેરી.

**અનુમોદક** પ્રકાશભાઈ વોરા, કિરીટભાઈ શાહ, ભરતભાઈ શાહ, નિલેશભાઈ ગાંધી, ગુણવંતભાઈ શાહ, શરદભાઈ શાહ, કેતનભાઈ વોરા, દર્શનભાઈ શાહ,

## બકરી ઈદ નિમિત્તે સૌપ્રથમવાર સંઘમાં ૧૪૪ લોકોએ કરી આયંબિલ

















બકરી ઈદ નિમિતે સંઘમાં સોમવાર તા. ૧૨ ઓગસ્ટે સમુહ આયંબિલ તપનું આયોજન થયેલ. જેમાં મ.સા.ની પ્રેરણાથી પ્રથમવાર ૧૪૪ લોકોએ આયંબિલ કરેલ, આયંબિલનાં દાતા : સ્વ દિનેશચંદ્ર પોપટલાલ વોરા પરિવાર હતા.



# સાપ્તાહિક રાશી ભવિષ્ય

જ્યોતિષ - પ્રકાશ જોષી
મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧ - Email : prakasjoshi@gmail.com

**મેષ (અ,લ,ઈ)** : સ્વાસ્થ્ય એકંદરે સુધારા તરફી રહે. સાહસ-સટ્ટા, શેર-વાયદાના કામમાં વધારો કરવા પહેલા મહત્તમ નુકશાનનો ભાગ સ્ટોપલોસની ગણતરીઓ કરી મળતા લાભોની તારવણી કરી લેવી હિતકારક પુરવાર થાય. સંતાનોના પ્રસંગે અથવા કોઈ કારણસર ઘરની શાંતિ ડહોવાઈ ન જાય તે અંગે સાવધાની વર્તવી. લાગણીના પ્રસંગો ઉપસ્થિત થાય.

**વૃષભ (બ,વ,ઉ)** : સહાસ સટ્ટાના કામો પુરતી ગણત્રી સાથે કરવા જરૂરી છે. ઘરના વધારાના ખર્ચાઓ અંગે આયોજનો કરવા જરૂરી થાય. સંતાનો અંગે વધારે નાણાં ખર્ચવા જરૂરી થાય. ઘરેલુ પ્રસંગ અંગે ઉત્સવનો માહોલ ઉભો થઈ શકે છે. ભાત્રુવર્ગ સાથે બોલાચાલીથી સંભાળવું આવેલા અતિથી-મહેમાનોની આગતા સ્વાગતા માટે સમય ફાળવવો પડે.

**મિથુન (ક,છ,ઘ)** સ્વાસ્થ્યની સ્થિતી એકંદરે સારી રહેવી જોવાય. નાણાં ફસવણુક તે અંગે સાવધાની વર્તવી તથા તક મળતા નફાની તારવણી કરી લેવી હિતકારક રહે. કામકાજ વ્યવસ્થિત થતું જવાથી માનસીક રાહતનો અનુભવ થાય. મિત્રો-શુભેચ્છકોના વર્તનમાં ફેરફાર થયેલો અનુભવાય ભ્રાતુવર્ગના અચાર-વ્યવહારમાં ફેરફાર થયેલો નોંધી શકાય. સાહસમાં વધારો થાય.

**કર્ક (ડ,હ)** : સ્વાસ્થયની સ્થિતી સુધારા તરફી રહે. નાણાં બાબતે વધારે સજાગ રહેતા જણાય. આર્થિક રાહત મળવાનું ચાલું થતા માનસીક ચીંતા માળી છુટકારો મળી શકે છે. દલાલી-કમીશન-એજેન્સીના કામો દ્વારા પણ આવક મળી રહેતાં રાહતનો અનુભવ થઈ શકે છે. આગળ પણ કામકાજો અંગે યાત્રા-પ્રવાસના પ્રસંગો ઉપસ્થિત થઈ શકે છે. તૈયારી રાખવી જરૂરી છે.

**સિંહ (મ,ટ)** : પોતાના તથા અને અન્યોના કારણસર વારંવાર હોસ્પિટલ દવાખાનાની મુલાકાત લેવાનું થાય. ખર્ચાઓનું પ્રમાણ વધારે રહેતા બચતનું પ્રમાણ ઓછું થઈ શકે છે. કામકાજો અંગે બહારગામ અથવા લાંબાપ્રવાસનું આયોજન થઈ શકે છે. આગળ પણ વળતર સારૂ મળી રહેવાનો આશાવાદ ઉત્સાહ જાળવી રાખે. શારીરિક સ્વાસ્થ્યમાં ઉત્તરોતર સુધારો થતો જાય.

**કન્યા (પ,ઠ,ણ)** : સ્વાસ્થ્યની સ્થિતી એકંદરે સારી રહેતા. નાની-મોટી તકલીફો અંગે ગાફેલ ન રહેતા ત્વરીત ઈલાજ કરાવી લેવા હિતકારક પુરવાર થાય ધાર્મિક માંગલીક કામ તથા અન્ય કારણોસર ખર્ચાઓમાં વધારો થાય ધાર્મિક અને માંગલીક કર્યો અંગે યાત્રા-પ્રવાસ-જાત્રા થઈ શકે છે. મોજશોખ અને વૈભવ માણવાની વૃત્તીમાં વધારો થતો જોવાય.

**તુલા (ર,ત)** : સ્વાસ્થ્ય અને ચુસ્તીસ્કુર્તી રહેતા કામકાજોમાં તથા  તરપરાટ દેખાય અને વધારે મહેનત કરી શકાય. મહેનતના પ્રમાણમાં વધારે વળતરનો આશાવાદ રહે મહેનતના પ્રમાણમાં વળતર મળી રહેતા વ્યવહારો જળવાઈ રહેવાના કારણે માનસીક રાહતનો અનુભવ થઈ શકે છે. સંતાનોની માંગણી સંતોષાઈ રહેતા ઘરેલુ વાતાવરણ આનંદમય રહેતુ અનુભવી શકાશે.

**વૃશ્ચિક (ન,ય)** : માંત્રીક-તાંત્રીક ઉપરની હવાની અસર શારીરિક સ્વાસ્થ્ય અંગે પ્રશ્નો ઉભા કરી શકે છે. કામકાજમાં યશ-માન-પ્રતિષ્ઠા મળી શકે છે. હિત શુત્રઓ અને ઈર્ષાના ભોગ બનવું ન પડે તે અંગે સાવધાની વર્તવી જરૂરી થાય. સંભાળીને રહેવું હિતકર પુરવાર થાય. ઈષ્ટની આરાધના કરી હિતકર પુરાવાર થાય ભાગીદાર-જીવનસાથીનો સાથ સહકરા મળી રહેતા રાહત જણાય.

**ધન (ભ,ધ,ફ,ઢ)** : સ્વાસ્થ્ય એકંદરે સારૂ રહેતુ જણાય. કામકાજોમાં અને અથોપાર્જનમાં ભાગ્યનો સાથ મળી રહેતા રાહત ઉભી થઈ શકે છે. પ્રવૃત્તીઓમાં ધીમો સુધારો ચાલુ થતાં પ્રશ્નો ઉકેલવામાં સરળાતા આવતી જાય સંતાનો પોતાના કાર્યક્ષેત્રમાં આગળ વધવાનાં સંકેતો મળી શકે છે.

**મકર (ખ,જ)** : સ્વાસ્થ્યની પરિસ્થિતિ સારી રહે. આગળ પણ શેર-સટ્ટા-વાયદા રોકાણ અંગેની યોજનામાં નાણાં રોકવા લલચામણી પરિસ્થિતિમાં વિચાર કરી આગળ વધવું અત્યંત જરૂરી છે. ઘરેલું વાતાવરણમાં ફેરફારોને થાળે પાડતા સમય લાગી શકે છે. સંયમથી કામ લેવું હિતકર પુરાવાર થાય માનસીક મુંઝવણોનો અનુભવ થઈ શકે છે. મોજશોખમાં ઘટાડો થઈ શકે છે.

**કુંભ (ગ,સ,શ,ષ)** : માનસીક પરેશાની અને અટકી-અટકીને થતાં કામકાજોને કારણે મુંઝવણ રહે છતાં સ્વાસ્થ્ય એકંદરે સારૂ રહેતું જણાય. હરીફો અને હિતશત્રુઓ દરેક પ્રવૃત્તીઓ પર વધારે ધ્યાન આપતા જોવાય. નુકશાનને ઘટાડવદ પ્રયત્નો કરવા અત્યંત જરૂરી છે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. તેટલી રાહત મળી રહે છે. સામાજીક પ્રવૃત્તીઓમાં સહભાગી થવાનું શક્ય થાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : સ્વાસ્થ્ય અંગે આહાર-વિહાર પર પરહેજી પાળવાથી સ્વાસ્થ્ય સુધારી શકાશે. આંધળા સાહસ સટ્ટા અંગે તારવણી દ્વારા નફો ઘરભેગો કરવો હિતકારક થાય. યશ-માન-પ્રતિષ્ઠા મેળવવા માટે થોભવું પડે અને રાહજોવી પડે. ભાગીદાર-જીવનસાથીના વધારાના ખર્ચાઓ અંગે નાણાં વાપરવા જરૂરી થાય છતાં તેમના ગુસ્સાનો બાગ બનવું પડે.




# FLASHMOB 4.0 - THE FUNDRAISER







It was a fundraising initiative by Kartik Mohan Productions in association with Happy Dancing Feet, Allegiant Events & Acoustique Productions.

With it's 4th consecutive year, the initiative aimed at bringing together people from various communities to dance for a cause. The cause this year was "Rehabilitation of Under-resourced Children." raised funds for 2 NGO's: Mother Foundation & My Helping Hands For Children & Animals.

The event was organised on 27th of July, at the Dublin Square, Phoenix Market City, Kurla. The event saw a turnout of over 1000+ people. The flashmob 4.0 had over 400 participants and was a non-stop dancing medley of 40 minutes.

Sophie Choudry graced the occasion as celebrity guest.



MAKE YOUR SPECIAL
DAY TRULY MEMORABLE

PURE JAIN
PREPARATION
IN ALL VARIETIES
ARE PROVIDED

FULLY DECORATED
A/C BANQUET HALL
SITUATED IN CENTRALISED
A.C. (R ODEON) MALL
CAR PARKING
FACILITIES AVAILABLE

R ODEON MALL
SHOP NO. 6 TO 14, 2ND FLOOR,
R. N. NARKAR MARG,
GHATKOPAR-EAST,
MUMBAI-400 077.

labanq@icloud.com
labanqmumbai@gmail.com

@labanqmum

Taste of Three Generations

Meghdoot's
LA-BANQ
A Versatile Venue for all Occasions

BANQUET HALL

MOCKTAILS | JUICES | BLOSSOMS
FAST FOOD | GUJARATI
KATHIYAWADI | SOUTH INDIAN
NORTH INDIAN
CHINESE | FUSION
LABANESE | THAI
BURMESE | ITALIAN
MEXICAN | WESTERN DESSERT
INTERNATIONAL DESSERT
FRESH CREAM CAKES

BOOKING ONLY AT
+ 91 81044 92824
+91 81044 96538


# રામજી આશર વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી











૧૫-૮-૧૯૪૭ નો ખાસ દિવસ કોને યાદ ના હોય. આજનો દિવસ દર વર્ષની જેમ ૧૫-૮-૨૦૧૯ ગુરુવારના રોજ રામજી આશરના પ્રાંગણમાં ખુબજ ધામધૂમથી ઉજવાયો. સંસ્થા પ્રમુખ શ્રી ધીરુભાઈ મહેતાના વરદ્ હસ્તે ધ્વજ ફરકાવી ને કાર્યક્રમ ની શરૂઆત થઈ. વિવિધ શાળા અને કોલેજના વિદ્યાર્થી ઓ દ્વારા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે દેશ ભક્તિના યશોગાન ગવાયા. તેમજ બાળકો એ સ્વતંત્ર ભારતની ઝાંખી પોતાના વક્તવ્ય દ્વારા રજૂ કરી હતી. પ્રમુખ શ્રી એ પણ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય દ્વારા સર્વેને મંત્રમુગ્ધ કરી સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છાઓ પાઠવી હતી. તે પશ્ચાત શાળાના રૂઈયા હોલમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધતામાં એકતા




દર્શાવતા કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યાં. આ પ્રસંગે પ્રમુખ શ્રી ધીરુભાઈ, તેમજ શાળાથી જોડાયેલ તમામ ટ્રસ્ટીઓ, માનદ્મંત્રીઓ, કમિટી મેમ્બરો, આચાર્યો અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સોનામાં સુગંધ ભળે તેમ ઘાટકોપરના કોર્પોરેટર તથા શાળાના ટ્રસ્ટી શ્રી પરાગભાઈ શાહ એ હાજરી આપી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. મજાની વાત એ હતી કે આ ખાસ દિને શ્રી પરાગભાઈની ૫૦મી વર્ષગાંઠ હતી. જે માટે શાળામાં સુંદર તૈયારીઓ વર્તાતી હતી. શાનદાર રીતે તેમનો જન્મદિવસ ઉજવી તેમને રામજી આશર પરિવારજનો એ કેક કપાવી ''શતમ જીવ શરદ'' ની શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી પરાગભાઈના પુત્રવધૂ શ્રીમતી ધ્રુવી શાહ પણ કાર્યક્રમમાં સહભાગી રહ્યાં. પરાગભાઈએ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે તેમનો જન્મ દિવસ ત્યારેજ સાર્થક ગણાશે જ્યારે વધુ માં વધુ સંખ્યામાં લોકો અતિવૃષ્ટિની આપદામાં ફસાયેલા લોકોની મદદ માટે ફાળો આપશે. એમણે ખુદ ખૂબ મોટો ફાળો આપી જન્મદિવસ સફળ બનાવ્યો છે. તેમજ તેમણે જણાવ્યું કે હવેથી એ પોતાનો સંપૂર્ણ સમય સમાજ સેવાના કાર્યમાં અવિરત લગાડશે. પરાગભાઈના હસ્તે એલજી કોલેજનું વાર્ષિક મેગેજીન મિરરનું પણ ઉદ્ઘાટન કરાયેલ.

આમ ખુબજ આનંદ સભેર ૧૫મી ઓગસ્ટના કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.













## સોલીટેર દ્વારા બે બ્લોકબસ્ટર મુવી

પ્રવિણ છેડાના પ્રમુખપણા હેઠળ ચાલી રહેલ સોલીટેર ગ્રુપ દ્વારા રવિવાર તા.૧૮ ઓગસ્ટના બાટલા હાઉસ અને મંગળવાર તા.૨૦ ઓગસ્ટના મિશન મંગલ આ બે બોલ્કબસ્ટર મુવી ઘાટકોપર (ઈ) નીલયોગ આયનોક્સ ખાતે બતાવવામાં આવશે. બન્ને મુવીમાં દર્શકોને પોપકોર્ન અપાશે અને મુવી સમય ટૂંક સમયમાં જાહેર કરાશે.


ડૉ. રાકેશ શાહ નું
થાણા | મુલુંડ | વાશી
સ્વરાશી નેત્રાલય
સંપૂર્ણ ગુજરાતી સમાજ માટે
આ જાહેરાતની કટીંગ સાથે લાવનારને
ફ્રી (મફત)* ફર્સ્ટ કન્સલટેશન
*રજીસ્ટ્રેશન ફી ફક્ત રૂ. 100/-
આપની આંખોની સંપૂર્ણ સારસંભાળ અને સારવાર માટે હવે થાણા બાદ મુલુંડ અને વાશીમાં આધુનિક, અદ્યતન હોસ્પિટલ આપની સેવામાં. જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે રાહત દરે સુવિધા, CASHLESS MEDICLAIM સુવિધા ઉપલબ્ધ. આંખોની બધીજ સારવાર હવે એકજ સ્થળે ઉપલબ્ધ. મોતીયો, ઝામર, આંખોની પાછળનો પડદો-આંખોની નસોની ચકાસણી, ચશ્માના નંબર, ડાયબેટીક આંખોની ચિકિત્સા, ત્રાંસી આંખો સરળ કરવી, ચશ્માના નંબર કાઢવા અને ઓછા કરવા, જસ્ટ બોર્ન બેબીની આંખોની તેમજ નાના બાળકોની નેત્રચિકિત્સા તેમજ આંખોની અન્ય કોઈપણ પ્રકારની બિમારીની સંપૂર્ણ ચિકિત્સા માટે થાણા-મુલુંડ-વાશીમાં સંપૂર્ણ સુસજ્જ અદ્યતન, આધુનિક હોસ્પિટલ્સ.
સમય સવારે 10.30 થી સાંજે 7.30. વધુ માહિતી માટે સંપર્ક :
થાણા – 1લોમાળો, પ્રિયદર્શની સોસાયટી, નૌપાડા, થાણા(પ)-2.
ફોન : 25349050, 9769222020,
મુલુંડ–605, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ(પ), મુંબઈ–80. ફોન :25921919, 9892657759,
વાશી – પ્લોટ નં 16, સેક્ટર 28, વાશી, નવી મુંબઈ–705.
ફોન : 27667070, 9769192021.


CASHLESS MEDICLAIM FACILITY AVAILABLE.


## સંઘવી એસ-૩ ગ્રુપના પ્રોજેક્ટ એસ-૩ પ્રોક્ષિમાનો ચેમ્બુર ખાતે શુભારંભ





સંઘવી એસ-૩ ગ્રુપના પ્રોજેક્ટ એસ-૩ પ્રોક્ષિમાનો ચેમ્બુર ખાતે શુભારંભ પ્રસંગે મ્હાડાના ચેરમેન મધુ ચૌહાણ, પક્ષાલ સંઘવી, રાહુલ શેવાડે, એસ-૩ ગ્રુપના સીએમડી શૈલેષ સંઘવી, સાકરચંદ સંઘવી, વિજય હરીયા, મમતા સંઘવી પધારેલ. પ.પૂ.મુનિશ્રી વિદ્યાચંદ્રવિજયજી મ.સા.ની નિશ્રા આ પ્રસંગે પ્રાપ્ત થયેલ.

## ગીરધર સંસ્કાર સંસ્થાન - બાલકનજી બારી દ્વારા મેડિકલ કેમ્પ

ગીરધર સંસ્કાર સંસ્થાન - બાલકનજી બારી દ્વારા મેડિકલ કેમ્પનું રવિવાર તા.૧૮ ઓગસ્ટના સવારે ૯ થી ૧ દરમ્યાન સવારે બાલકનજી બારી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં રજીસ્ટ્રેશન ફરજીયાત છે જે બાલકનજી બારી ખાતે સવારે ૧૨ થી સાંજના ૬ પર્યંત કરવામાં આવે છે.

## ઈસ્કોન દ્વારા કૃષ્ણ જન્માષ્ટમી ૨૦૧૯

ઈસ્કોન દ્વારા રવિવાર તા.૨૫ ઓગસ્ટના સાંજના પાંચ કલાકે ભાટીયાવાડી, તીલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ) ખાતે જન્માષ્ટમી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે સંપર્ક : ૮૧૦૪૭૨૧૫૮૧.




કિલન્જર ફ્લોર ક્લીનર ૧ લીટર


મલ્ટી ટાઈપ ફ્લોર માટે
શાઈનિંગ સુધારો
ચીકાસ દૂર કરો
સુગંધિત પરફ્યુમ
મફત ડિલિવરી મુંબઈમાં
ચાર પરફ્યુમમાં ઉપલબ્ધ
ફક્ત રૂ.૯૦/- એક લીટર
સંપર્ક : +91 9082955179
visit : www.pikcy.in



પંચગની હવા ફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4



ચંદુભાઈશેઠના સથવારે


નેપાલ, ગયાજી, પશુપતીનાથ, બનારસ
દિવસ - ૧૧. રૂ.૨૭,૫૫૫/-
તારીખ - ૦૩.૦૯.૨૦૧૯
ઉત્તરાખંડ ચારધામ
દિવસ - ૧૫. રૂ.૨૯,૫૫૫/-
તારીખ - ૧૯.૦૯.૨૦૧૯
Dubai 25 Feb, 6 days, 31000 with B.Fast, Lunch, Dinner, Visa, Sightseen, Ticket Ext.
સરલ ટુર N ટ્રાવેલ્સ, મલાડ વેસ્ટ
7738682000 / 28808991



ટર્કી
રૂ.૧,૩૯,૯૯૯ (પ્રતિ વ્યક્તિ)
૧૦ દિવસ માટે
પ્રસ્થાન તારીખ ૨૯ ઓક્ટોબર
પ્યોર વેજ, રાજસ્થાની રસોઈયાઓ દ્વારા બનાવાયેલ જૈન ભોજન
સામેલ છે : રીટર્ન એરફેર, રહેવાની વ્યવસ્થા, ઈન્ટરનલ એરફેર ટ્રાન્સફર્સ અને તમામ જમવાની સગવડ તથા વીઝા

સાઉથ આફ્રિકા
રૂ.૧,૭૯,૯૯૯ (પ્રતિ વ્યક્તિ)
૧૨ દિવસ માટે
પ્રસ્થાન તારીખ ૧૭, ૨૯ ઓક્ટો
પ્યોર વેજ, રાજસ્થાની રસોઈયાઓ દ્વારા બનાવાયેલ જૈન ભોજન
સામેલ છે : રીટર્ન એરફેર, રહેવાની વ્યવસ્થા, ઈન્ટરનલ એરફેર ટ્રાન્સફર્સ અને તમામ જમવાની સગવડ તથા વીઝા

માલદીવ્સ
રૂ.૬૯,૯૯૯ (પ્રતિ વ્યક્તિ)
૫ દિવસ માટે
પ્રસ્થાન તારીખ ૨૯ ઓક્ટોબર
સામેલ છે : રીટર્ન એરફેર, રહેવાની વ્યવસ્થા, ટ્રાન્સફર્સ અને તમામ જમવાની પ્યોર વેજ સગવડ

ફાર ઈસ્ટ, શ્રીલંકા, આંદામાન, દુબઈ અને ડોમેસ્ટીક પેકેજની વધુ માહિતી માટે પણ અમારો સંપર્ક સાધો
CLASSIC HOLIDAYS
સંપર્ક
૦૨૨-૪૦૮૮ ૮૮૮૮
રાહુલ દોશી - ૯૯૩ ૦૯૪ ૪૪૫૩
બ્રિજેશ પારેખ - ૯૯૮ ૭૭૨ ૦૨૨૨
અમારી ઓફિસો
ઓપેરા હાઉસ । કાલબાદેવી । બોરીવલી
અંધેરી । અમદાવાદ । સુરત । દિલ્હી

### ૧૬ ઓગસ્ટના ૫૧માં જન્મદિવસની ઉજવણી રદ્દ કરી પૂરમાં ફસાયેલા લોકોને સહાયતા માટે ભંડોળ અને જરૂરી વસ્તુઓ ભેગી કરવાનો કર્યો નિશ્ચય

# મહારાષ્ટ્રના પૂર પીડિતો માટે નગરસેવક પરાગ શાહની મુખ્યમંત્રી પૂર સહાય યોજનામાં રૂા.૨૫ લાખની સહાય








ઘાટકોપર વોર્ડ ક્ર.૧૩૨ના નગરસેવક પરાગ શાહનો ૧૬ ઓગસ્ટનાં ૫૧મો જન્મદિવસ છે આ પ્રસંગે તેમણે પોતાના પરિવાર, મિત્રો અને ઘાટકોપરવાસીઓને કોઈપણ પ્રકારની ઉજવણી ન કરતા મહારાષ્ટ્ર સહિત ભારતના વિવિધ ભાગોમાં પૂરથી પીડિતા લોકો માટે બનતી સહાય કરવાની અપીલ કરી હતી. તેઓએ ચીફ મિનીસ્ટર રિલીફ ફંડ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને રૂા.૨૫ લાખનો ચેક સાંસદ મનોજ કોટકની ઉપસ્થિતિમાં અર્પણ કર્યો હતો. આ ઉપરાંત સ્વતંત્રતા દિવસના તેઓ ઘાટકોપરના વિવિધ વિસ્તારોમાં ફરી રૂા.૧૦ લાખ રોકડા સહિત ૫૧૦૦ સાડી, ૨૦૦ કુર્તિ, ૨૦૦૦ બ્લેન્કેટ, ૨૦૦ ટીશર્ટ, ૧૫૦૦ શર્ટ, ૧૦૦૦ નેપકીન, ૨૦૦ પ્રેશરકુકર, ૧ આરો પ્લાન્ટ, ૪૦૦ કિલો બિલ્ચીંગ પાવડર, ૩૦૦ પેકેટ સેનેટરી પેડ, ૧૮૦૦ જોડી બાળકોના કપડા સહિત અનેક વસ્તુઓ પૂર પીડિતોની સહાયતા અર્થે એકત્રિત કરી હતી. જે ટ્રક દ્વારા મોકલવામાં આવશે.














# पवित्रता का पर्व रक्षाबन्धन

भारत एक बहुआयामी सांस्कृतिक विरासत का संवाहक अद्वितीय देश है। प्रत्येक धर्मों में मनाये जाने वाले त्योहार, धार्मिक परम्पराएं, रीति-रिवाज एवं जयन्तियां, मनुष्य को किसी न किसी रूप से आध्यात्मिक सत्ता से जोड़ती हैं। शायद इसी कारण से इस अति भौतिकतावादी संस्कृति और भाग्यविधाता विज्ञान के युग में भी ईश्वर की सत्ता विविध रूपों में स्वीकार्य है। परन्तु कालान्तर में जब लोगों में श्रद्धा एवं स्नेह का क्षरण होने लगता है तो इनमें निहित आध्यात्मिक सत्य का स्थान कर्मकाण्ड एवं अनौपचारिकता ले लेती है। यह कहना अतिशयोक्ति न होगी कि आज पर्व औपचारिकता को निभाने के लिए मनाए जाते हैं। परन्तु आज के वैज्ञानिक युग में इन त्योहारों के पीछे छिपे आध्यात्मिक सत्य का उद्घाटन करने की आवश्यकता है जिससे इस संसार में व्याप्त अज्ञानता और तमोप्रधानता को दूर करके मनुष्य-सभ्यता को यथार्थ मार्ग दिखाया जा सके।



**रक्षाबन्धन का अर्थ**

रक्षाबन्धन के बारे में अधिकतर लोगों की यह मान्यता चली आती है कि यह त्यौहार भाई द्वारा बहन की रक्षा का संकल्प लेने का प्रतीक है। साथ-साथ यह भी कहा जाता है कि यह त्योहार हमारे देश में चिरकाल से मनाया जाता रहा है। यदि ये दोनों बातें है तो ये कई प्रश्नों को जन्म देती हैं। क्योंकि चिरकाल की गाथायें तो आज भी प्रचलित हैं कि उस समय जो भी राजा हुआ करते थे वो अपनी प्रजा अथवा अपनी जनता का हर सम्भव ख्याल रखते थे। यहाँ तक कि प्रजा की देखभाल के लिए गुप्तचर भी राज्य में गुप्त वेश में ऐसी वारदातों के बारे में जानकारी रखने के लिए नजर रखते थे। राजा खुद भी अपना वेश बदल कर राज्य में भ्रष्टाचार करने वाले लोगों पर नजर रखते थे। तो क्या उस समय की मातायें बहने इतना असुरक्षित थी जो रक्षाबन्धन के जरिये अपने भाईयों के हाथ में राखी बांध सुरक्षा की गुहार करती थी! आज की भेंट में तो उस समय भ्रष्टाचार भी इतना अधिक नहीं था जितना कि आज के दौर में है।

इसके बावजूद जहाँ तक रक्षा का सवाल उठता है तो यह गहराई से सोचने का विषय है कि हर एक बहन अपने भाई से ही रक्षा की अपेक्षा क्यों करती है? उसके घर में तो उसके बड़े बुजुर्ग तथा नाते रिश्तेदार भी तो होते हैं जो उसकी रक्षा कर सकते है। यदि भाई से बहन की अपेक्षा है तो यह विचारणीय तथ्य है कि दो साल उम्र वाला भाई पांच साल की बहन की रक्षा कैसे कर सकता है? इसके अलावा जब बहनें विवाहोपरान्त अपने-अपने घर चली जाती है तो उस समय दोनों एक जगह तो होते नहीं कि एक दूसरे की तात्कालिक रक्षा कर सकें। दूसरा भाई का फर्ज वैसे भी तो रक्षा करने का होता है और करता भी है।

रोचक बात तो यह है कि बहनों के अलावा ब्राह्मण अपने यजमान को राखी बाँधते है और उसे यह कहते हैं कि-''इन्द्राणी ने इन्द्र को राखी बाँधी थी और उससे इन्द्र को विजय प्राप्त हुई थी। यद्यपि कुछ लोग इस पर्व को विषतोड़क पर्व भी कहते है। अत: यदि यह त्योहार भाई द्वारा बहन की रक्षा के संकल्प का ही प्रतीक होता, तो आज ब्राह्मणों द्वारा राखी बाँधने का रिवाज क्यों चला आता ? इससे विदित होता है कि यह त्योहार बहनों को भी ब्राह्मणों का दर्जा देकर और भाई को यजमान की तरह से राखी बाँधने का प्रतीक है क्योंकि दोनों द्वारा राखी बाँधने की रीति समान है। रक्षाबन्धन का अर्थ केवल शारीरिक रक्षा से ही नहीं बल्कि आत्मा की रक्षा पांच विकारों से करने से है। हर एक को इनसे रक्षा करनी ही चाहिए।

**रक्षा बन्धन का वास्तविक महत्त्व**

उपरोक्त लिखित तथ्यों से यह पूर्णत: स्पष्ट हो चुका है कि रक्षा बन्धन का त्योहार एक धार्मिक त्योहार है। इसका तात्पर्य केवल भाई-बहन की रक्षा से ही नहीं बल्कि पूरे विश्व की रक्षा से है। रक्षाबन्धन का पर्व इन्द्रियों पर विजय प्राप्त करने का सूचक है अर्थात् भाई और बहन के नाते जो मन, वचन और कर्म की पवित्रता समाई हुई है, उसका बोधक है। आज हर बहन जब अपने भाई की कलाई पर राखी बाँधे तो वह राखी इस बात का प्रतीक हो कि -भैया, जैसे तुम अपनी इस बहन को एक निर्मल स्नेह की दृष्टि से देखते हो और अपनी इस बहन की रक्षा का संकल्प लेते हो, वैसे ही इस को बाँधकर अपने में यह प्रतिज्ञा करो कि तुम भारत की ही नहीं बल्कि पूरे विश्व की हर नारी को बहन की दृष्टि से देखोगे। तुम हर माता-बहन की लाज का ख्याल रखोगे। दूसरे रूप में यह त्योहार ऐसे समय की याद दिलाता है जब परमपिता परमात्मा ने प्रजापिता ब्रह्मा द्वारा कन्याओं-माताओं को ब्राह्मण पद पर आसीन किया, उन्हें ज्ञान का कलश दिया और उन द्वारा भाई-बहन के सम्बन्ध की पवित्रता की स्थापना का कार्य किया, जिसके फलस्वरूप सतयुगी पवित्र सृष्टि की स्थापना हुई। उसी पुनीत कार्य की आज पुनरावृत्ति हो रही है। ब्रह्माकुमारी बहनें ईश्वरीय ज्ञान और सहज राजयोग द्वारा ब्राह्मण पद पर पर आसीन होकर, बहन-भाई के शुद्ध स्नेह और पवित्रता के शुद्ध संकल्प की राखी बाँधती है।

# અનેકને મદદરૂપ થવાની ભાવના ધરાવતા વાગડના વિરાંગના વૈશાલી ગડા





**મળવા જેવા માણસ...**



– દિલાવર નાઈકવાડી
Mo.: 9322237670
લેખન - અલ્પા દિલાવર

વર્સેટાઈલ, મલ્ટી ટેલેન્ટેડ, પ્રતિભાશાળી વ્યક્તિત્વ જે હંમેશા સકારાત્મક વિચારી, પરોપકારી બનવામાં માને છે તેઓ હંમેશા એવો ભાવ રાખે છે કે જે જ્ઞાન આપણે મેળવ્યું છે તે દરેક સાથે વધુને વધુ લોકોને આપવું જોઈએ આવો વિચાર ધરાવનાર કચ્છ લાકડિયા ગામના, કચ્છી વાગડ વિશા ઓસવાલ સમાજના વૈશાલી મયુર રાયશી ગડા.



માતુશ્રી ચંપાબેન અને પિતાશ્રી ખીમજીભાઈ સતરાના દીકરી વૈશાલી. વૈશાલી ગડાએ રાષ્ટ્રીયશાળાથી સ્કૂલ પૂર્ણ કરી ચર્ચગેટ એસ.એન.ડી.ટી. યુનિર્વસીટીથી બી.એ. પૂર્ણ કર્યુ તેઓએ બી.એ. ફાઈનલમાં ઓલ ઓવર મુંબઈમાં ૧૫ મો નંબર મેળવ્યો હતો તે પછી સ્કોલરશીપથી એમ.એ. કર્યુ. પુષ્પાબેન રાયશી ભચ્ચુ ગડાનાં સુપુત્ર મયુરભાઈ (મયુર ઈલેક્ટ્રોનિક્સ) સાથે લગ્ન થયા. વૈશાલી ગડાએ દસથી પણ વધારે આર્ટ કુશળતાપૂર્વક શીખ્યા છે. જેમ કે સુજોક એક્યુપ્રેશર અને એક્યુથેરપી, પ્રાણીક હિલિંગ, રેકી, સ્વીચ વર્ડસ, મિડ-બ્રેઈન ટ્રેઈનીંગ, એરોમા થેરપી, ટેરટ રીડર, વાસ્તુદોષ નિવારણ વગેરે જેવી કળાઓ શીખીને પારંગત બનીને બીજાને પણ શીખવાડે છે અને મદદરૂપ પણ થાય છે.

સુજોક એક્યુપ્રેશર અને એક્યુ. થેરપીમાં ૪૦૦ થી પણ વધુ લોકોને શીખવાડી છે. આ થેરપી કોઈપણ શીખી શકે છે. આમાં કોઈ જ સાઈડ ઈફેક્ટસ નથી. આના દ્વારા શારીરિક, માનસિક અને ઈમોશનલી ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. પ્રોફેસર પારકે આ થેરપીનું સંશોધન કરેલું આ થેરપીને સરળતાથી સમજવા માટે વૈશાલી ગડાએ ઉપચાર નામનું પુસ્તક લખ્યું છે. જેમાં વિવિધ માહિતીઓ એકઠી કરી આપેલ છે.

આવી જ રીતે ટેરટ રીડીંગ પણ વર્ષોથી કરે છે અને શીખવાડે પણ છે. તેઓ પ્રાણીક હિલિંગ પણ કરે છે આ થેરપીમાં પ્રાણ દ્વારા આપવામાં આવતી થેરપી છે. કલર્સનો ઉપયોગ કરાય છે આ હિલિંગ દ્વારા અનેક તકલીફો, સંક્રમણો દૂર થાય છે.

આવી ઘણી બધી થેરપી શીખીને શીખવાડીને વૈશાલી ગડાએ ઘણાને મદદ કરી છે. તેમની પાસે ફક્ત અહીંના લોકોનો પોતાની તકલીફો, દુઃખોનું નિવારણ કરવામાં આવે છે તેવું નથી પણ ભારત બહારના લોકો પણ પોતાની શારીરિક, માનસિક, તકલીફો લઈને આવે છે અને વૈશાલી ગડા બધાનું નિવારણ પણ કરી આપે છે.

છેલ્લા ૩ વર્ષથી વાગડ ફેસ્ટ એક્ઝીબીશન વૈશાલી ગડા પોતાના સખીઓ સાથે મળીને કરે છે તેમાં સૌથી પણ વધારે સ્ટોલ્સ હોય છે. બધી જ જાતના વિવિધ પ્રકારના સ્ટોલસ હોય છે. આ ફક્ત એક્ઝીબીશન નથી પણ સાથે-સાથે સામાજિક કાર્યક્રમ પણ જેમ કે તેમણે મીટ એન્ડ ચેટ જેમાં ૫૦૦ થી પણ વધારે યુવાન યુવક અને યુવતીઓનો મેળાવડો યોજવામાં આવેલો હતો જે ખૂબજ સફળતાપૂર્વક પાર પડ્યો હતો.

વાગડની વિરાંગના એવોર્ડસના પણ વિજેતા છે વૈશાલીબેન. જેમાં ૨૫થી વધુ વાગડની એવી સ્ત્રીઓ જે પોતાના સ્વપ્નને આગળ ધપાવી રહી છે. તેમજ દરેક ક્ષેત્રમાં આગળ આવી હોય તેવી સન્નારીઓનું સન્માન એવોર્ડ આપીને કરવામાં આવ્યું હતું.

વૈશાલી ગડા, મયુરભાઈને પોતાના આધારસ્તંભ માને છે. તેમના થકી જ તે આગળ વધી છે. તેમની દીકરી કૃપા લૉ નું છેલ્લુ વર્ષ અને તેમનો દીકરો ઈશાન ૧૧માં ધોરણમાં મીઠીબાઈ કોલેજમાં ભણે છે.

Hiren's Harmony
Events & Entertainment
09322 600 800
www.harmonyevent.com
• Sangeet Sandhya • Mini / Mega Orchestra
• Lagna Geet • Mehendi • Raas-Garba
• Reception Instrumental / Track Show
• Birthday • Anniversary
• Baby Shower • Theme Parties
• Get-together Picnics & Parties
• Musical Housie • Karaoke • DJ • Games
• Bhajan • Stavan • Prathana • Pahedi
દરેક અવસરને અનેરો બનાવવા

એડલ્ટ ડાયપર માટે
અંબિકા ટ્રેડીંગ કં.
દરેક પ્રકારના એડલ્ટ કેર પ્રોડક્ટ
હોલસેલ તથા રીટેલ ભાવે આપના ઘરે મળશે
એડલ્ટ ડાયપર (M/L/X/L) હોલસેલ ભાવે મળશે
ફ્રી હોમ ડિલેવ્હરી
9323507848
9619907848

IEC | IEC | IEC
Import Export Code
FRESH/ MODIFICATION
Rs.2000 only
CONTACT
9820936980

# વોઈસ ઓફ ઘાટકોપર

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

રજૂ કરે છે

## ઘરે ઘરે વોઈસ ઓફ ઘાટકોપર અભિયાન

### ડબલ ધમાકા સબસ્ક્રીપ્શન ઓફર : શુભારંભ ૧૬ ઓગસ્ટ ૨૦૧૯

સબસ્ક્રીપ્શન ઓફરનું ઉદ્‌ઘાટન કરશે : એન્કરીંગની દુનિયાના સુપરસ્ટાર પ્રશાંત રાવ

ઘાટકોપરથી દર શુક્રવારે પ્રકાશિત વોઈસ ઓફ ઘાટકોપર મેળવવા માટે આપના ઘરે/ઓફિસે/દુકાને ન્યુઝપેપર નાખતા ન્યુઝપેપરવાળા / વેન્ડરને આપને પેપર આપવા જણાવો

**લવાજમ ફોર્મ ભરી અમને મોકલો**

નામ : ____________________

એડ્રેસ : ____________________

____________________

વોટ્સએપ નંબર : ____________________

**એક વર્ષનું લવાજમ ફક્ત ₹199**

**રૂ.૧૯૯નું લવાજમ ભરો અને મેળવો રૂ.૪૦૦થી વધુનો ફાયદો**

R-Steam Hot Since 1980

ઓડીયન ઘાટકોપર ઈસ્ટમાં આવેલ રેસ્ટોરન્ટ આર સ્ટીમ હોટ નું રૂ.૪૦૦ નું ગીફ્ટ વાઉચર.

લવાજમનો ચેક "Ghatkopar Times Publication Centre" લખવાનો રહેશે

આપ 9022279684 નંબર પર ફોર્મ વોટ્સએપ કરી લવાજમ ફી Paytm કરી શકો છો

ONLINE PAYMENT : **A/C Name :** GHATKOPAR TIMES PUBLICATION CENTRE, **Bank :** Shri Arihant co-op Bank Mulund west, **Current A/c no :** 002012012366, **IFSC :** ICIC00ARIHT (5th & 6th character is 'ZERO'), **MICR CODE :** 400800003

એડ્રેસ : એ-૧, બેઝમેન્ટ, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

www.vognewslive.com ☎ : 022-40229684 /vognewslive

*T&C apply

Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com** • **RNI : MAHGUJ/2008/28113**